નવા સેકટરોમાં વરસાદી દિવસોના અંતે આંતરિક માર્ગોનુ ધોવાણ

સેકટરોના આંતરિક માર્ગોનું પેવરકામ હાથ ધરવા માટે સ્થાનિકોની રજુઆત

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે માર્ગોના ધોવાણના અંતે સેકટરોના મુખ્યમાર્ગો પર કેટલાક ઠેકાણે પેવરકામ હાથ ધરાયુ છે. પરંતુ સેકટરોના આંતરિક માર્ગોની પણ દશા ખરાબ છે નવા સેકટરોમાં પણ માર્ગો પર કપચીના ઢગ પથરાયેલા છે. જયારે વરસાદી પાણીની લાઇનના અંતે સેકટરોના રીંગ રોડ પર કેટલાક ઠેકાણે પણ ગાબડા અને ટેકરા જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં સે-૧ થી ૫ માં પણ માર્ગોની દશા સુધારવા માટે આયોજન કરવુ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.નવા સેકટરોમાં પણ આંતરિક માર્ગોનો સર્વે કરી પેવરકામ હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિક રહીશોએ ઉઠાવી છે.

શહેરમાં વરસાદી દિવસોના અંતે માર્ગોનુ ધોવાણ થયુ છે. સેકટરોમાં માર્ગોને લીસા બનાવવા માટે કેટલાક ઠેકાણે સરફેસીંગ કરવાની કામગીરી હાથ ધરી છે. નગરના મુખ્યમાર્ગો પર પણ વરસાદના લીધે ઉબડ ખાબડ બનેલા માર્ગોનુ પેવરકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોના કામોને પણ તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. શહેરના સે-૧૭ અને સે-૧૯ માં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવાનુ આયોજન કરી દેવાયુ છે.જયારે સે-૨૪ થી ૨૭ માં પણ માર્ગોનુ કામ હાથ ધરાશે. પરંતુ નવા સેકટરોમાં પણ વરસાદી દિવસોના અંતે માર્ગોનુ ધોવાણ થયુ છે. માર્ગો પર ડામરની કપચી પથરાયેલી જોવા મળે છે. સેકટરાના આંતરિક રસ્તાઓ પર ડામરની કપચી ઉડતા સ્થાનિકોને પરેશાની વેઠવી પડે છે. શહેરના નવા સેકટરોમાં બે વર્ષ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે નિયત સમય પણ હજુ પુર્ણ થયો નથી ત્યાં માર્ગોની દશા ખરાબ છે. બીજીતરફ કોર્પોરેશન દ્વારા પેવર બ્લોકનુ કામ પણ માર્ગોને સમાંતર કરાયુ નથી જેના લીધે નિચાણમાં ઘુસી ગયેલી માર્ગોની સરફેસ પર વરસાદી પાણીનો ભરાવો પણ વિશેષ થાય છે આવા સંજોગોમાં આંતરિક રસ્તાઓને વધુ નુકશાન થાય છે. શહેરના સે-૧ થી ૫ માં વરસાદી દિવસોના અંતે માર્ગોનો સર્વે હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઇ છે. વરસાદી દિવસોના સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ પેવર કામ હાથ ધરવાની અનિવાર્યતા છે. ખાસ કરીને નવા સેકટરોમાં માર્ગોની દશા વધુ ખરાબ થતી જાય છે. વરસાદી પાણીના નિકાલની લાઇનના લીધે પણ ઠેર ઠેર ગાબડા અને ટેકરા જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં નવા સેકટરોમાં પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવે તેવી સ્થાનિકોએ માંગણી કરી છે.

ખૂણેખાંચરેથી

- અધિક ગ્રામ વિકાસ કમિશનરશ્રીએ આજે મનરેગા અને સ્વચ્છ ભારત મિશન સહિત વિવિધ યોજના અંગે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરી હતી.
- જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન આજે રજા પરથી પરત ફર્યા છે.
- જળ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૯ ને લઈ આજે ખાસ વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ છે એમાં જળમિશન-૨ અંગે પણ ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લામાં કિસાન મોરચાએ તેનુ જન જાગૃતિ અભિયાન સઘન બનાવ્યુ છે.
- સીટી ઈજનેર ભરતભાઈ પંડ્યાના પિતા કે.એન. પંડ્યાનું આજે દુઃખદ અવસાન થયુ છે. થોડા દિવસો પહેલા તેમના માતુશ્રીનું અવસાન થયુ હતુ જે ઉલ્લેખનીય છે.
- ગાંધીનગર મહાનગર-પાલિકાની આજે મળનારી સામાન્ય સભાને લઈ રાજકીય વર્તુળોમાં ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, તમને અમારી ઓળખાણ આપું તો હુ, હોટલ બીઝનેસમાં હતો હાલમાં માસ્ક સેનેટાઈઝર વેચું છું, મારી બાજુમાં છે એ, ટુર ટ્રાવેલ્સમાં હતા એ સેનેટાઈઝરનું હોલસેલ કરે છે, તેની બાજુમાં છે એ રેડીમેઈડમાં હતા એ માસ્ક અને સેનેટાઈઝરમાં ડીલ કરે છે અને છેલ્લા છે એ કાંઈ કરતા ન હતા. પરંતુ હવે માસ્ક અને સેનેટાઈઝરમાં સારું કમાય છે...!!

ઈકો ગાડી સહિત ચોરીના સામાન સાથે ત્રણ ઝડપાયા

છત્રાલ ખાતે પંદર દિવસ પહેલા થયેલી ચોરીનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી દીધો

ગાંધીનગર, તા.૧૨

આજથી આશરે પંદરેક દિવસ ઉપર છત્રાલ ડી.કે.કોપ્લેક્ષમાં આવેલા ક્રિષ્ના મોબાઈલની દુકાનનુ લોક તોડી ચોરી કરનાર ત્રણ ઈસમોને એલસીબી પોલીસે સઈજ ચિરાગ સિનેમા પાસેથી દબોચી લીધા હતા. ચોર ઈસમો ઈકો ગાડીમાં ચોરી કરેલા મોબાઈલ ફોન, એસેસરીઝ, કોમ્પ્યુટર, સ્પીકર, તેમજ ટેબલ ફેન વેચવા માટે જઈ રહ્યા હતા તે સમયે જ પોલીસે ઈકો ગાડી સહિત કુલ રૂ,૩,૫૮,૦૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ સહિત ટીમના જવાનો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે હેડકોન્સ્ટેબલ લતીફખાન અને કોન્સ્ટેબલ વિજયસિંહ ને ખાનગી રાહે બાતમી મળી હતી કે પંદર દિવસ પહેલા છત્રાલ ડી.કે.કોમ્પ્લેક્ષમાં ક્રિષ્ના મોબાઈલની દુકાનમાં થયેલી ચોરીનો સામાન છત્રાલ રહેતા અનિલ ઉર્ફે ભુરો રાવળ તેમજ દિલિપ કાન્તિ રાઠોડ તેમજ ભરત અમૃત રાવળ ત્રણેય જણા ઈકો ગાડીમાં વેચાણ માટે નીકળ્યા છે. હાલ તેઓ સઈજ જીઆઈડીસી વિસ્તારમાં ચિરાગ સિનેમા પાસે હાજર છે. જેને પગલે એલસીબી પોલીસે ચિરાગ સિનેમા પાસેથી ઈકો ગાડી અને ત્રણેય આરોપીઓને પકડી પાડ્યા હતા.

જેમાં છત્રાલ અંબાજીનગર મકાન નં.૧૮ અને ૧૯ ખાતે રહેતો દિલિપભાઈ કાન્તિભાઈ રાઠોડ, છત્રાલ જોષીવાસ હરીસિધ્ધ માતાજીના મંદિર પાછળ રહેતો અનિલ ઉર્ફે ભુરો હરીભાઈ રાવળ, અને પાનસર રાવળવાસ ખાતે રહેતો ભરત અમૃતભાઈ રાવળનો સમાવેશ થાય છે. જયારે પોલીસે ઈકો ગાડી ચેક કરતા તેમાંથી મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, અન્ય સામાન, વિવિધ કંપનીના મોબાઈલ ફોન નંગ-૨૭, બેટરી, યુએસબી ચાર્જીંગ કેબલ, તેમજ ડોંગલ મળી કુલ નંગ-૭૩ એસેસરીઝ, મોનીટર, સીપીયુ, સ્પીકર, કારટેપ તેમજ ટેબલ ફેન સહિતનો સામાન મળી આવ્યો હતો. આરોપી અનિલ ઉર્ફે ભુરો હરીભાઈ રાવળ ડી.કે.કોમ્પ્લેક્ષ ખાતે પાણીપુરીના લારી ચલાવે છે.

પંદર દિવસ પહેલા દુકાનનુ તાળુ તોડી ચોરી કરી હતી. જયારે વિવિધ સામાન નજીકમાં ઝાડીઓમાં સંતાડી દીધો હતો. અને પોતાના મિત્રો ભરત અને દિલિપ ને જાણ કરી દિલિપની ઈકો ગાડી લઈને ચોરીનો સામાન વેચવા માટે જઈ રહ્યા હતા તે સમયે પોલીસના હાથે પકડાઈ ગયા હતા. એલસીબી પોલીસે મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા ખાતે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જનસંવાદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ડભોડા જિલ્લા પંચાયત સીટ ખાતે જનસંવાદ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા નિરિક્ષક તથા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રદેશ નિરીક્ષક શ્રીમતી વંદનાબેન પટેલ, પ્રદેશ મહામંત્રી હિમાંશુભાઈ પટેલ, અરવિંદસિંહ સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખ ગોપાળજી ઠાકોર, શનાભાઈ ચૌધરી, દિનુભાઈ ઠાકોર, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રવિણસિંહ ઠાકોર, એલ.એન. પરમાર, કાળુસિંહ ડાભી, બેચરજી ઠાકોર, મંગળસિંહ સોલંકી, જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી, રશિકજી ઠાકોર, બાબુજી, કે.કે. પરમાર, રાહુલસિંહ સોલંકી સહીત તાલુકા જિલ્લા પંચાયત સદસ્યો, સરપંચો, આગેવાનો-કાર્યકર્તાઓ, સંયોજક મિત્રો હાજર રહ્યા હતા.

સે. ૩/ડીમાં ત્રીજા માળેથી પગ લપસતાં યુવાનનું કરૂણ મૃત્યુ

મકાનના ચાલી રહેલા રિનોવેશન કાર્ય દરમિયાન દરરોજ પ્લાસ્ટરને પાણી છાંટવાનો નિત્યક્રમ પ્રાણઘાતક બન્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટર-૩-ડી ખાતે રહેતા ૩૮ વર્ષીય રાજન બાબરિયાનું પોતાના ઘરના ત્રીજા માળેથી પડી જવાથી કમકમાટીભર્યુ મૃત્યુ થવા પામ્યું છે. તેઓ પોતાના ઘરના ચાલી રહેલા રિનોવેશન કાર્ય અંતર્ગત કરાયેલા પ્લાસ્ટર કાર્ય પર પાણી છાંટવા માટે નિત્યક્રમ મુજબ ઉપર ધાબે ગયાં હતા જે દરમ્યાન આ અકસ્માત સર્જાયો હતો. સ્વ. રાજન બાબરિયા પોતાની પાછળ પત્નિ વૈશાલીબેન ને અઢી વર્ષની બે જુડવા દિકરીઓ રીયા અને રાજવીને કલ્પાંત કરતાં છોડી ગયાં છે.

સેક્ટર-૩-ડીમાં પ્લોટ નં. ૧૧૬૬/૧ ખાતે રહેતા રાજન જે. બાબરિયા તથા તેમના પડોશી આનંદ વાઘેલાના પ્લોટ નં. ૧૧૬૬/૨ના મકાનનું સંયુક્ત રિનોવેશન કાર્ય ચાલી રહ્યુ હતુ. આ કાર્ય દરમ્યાન રાજન બાબરિયા દરરોજ સવારે આવતા પાણીથી ભરાયેલ ટાંકીમાંથી સમ્પ દ્વારા પાણી ઓવરહેડ ટાંકીમાં ચડે જેના વડે પ્લાસ્ટર કાર્યને મજબૂત બનાવવા છંટકાવ કરતા હતા. આજે સવારે જ્યારે તેઓ નિત્યક્રમ મુજબ ઉપર ગયા અને ત્રીજા માળે જવા માટે સીડી ના હોવાથી દરરોજની જેમ પાળી પર ચઢી કૂદકો મારી ઉપર ચઢવાના પ્રયાસમાં તેમનો પગ લપસી જતાં જ તેઓ કમનસીબે સીધા ભોંયતળીયે પછડાયા હતા. ભોંયતળીયુ પથ્થરનું બનેલુ હોવાથી રાજન બાબરિયાનું માથુ તેના પર પછડાયુ હતુ અને માથુ ફાટી જવા પામ્યુ હતુ. આ ઘટનાને પગલે ધસી આવેલા આનંદ વાઘેલા સહિતના પડોશીઓ તેમને તુરંત જ બાજુમાં આવેલી હાઈટેક હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. સ્વ. રાજન બાબરિયા શેર બજાર કન્સલટન્સીનું કાર્ય કરતા હતા. તેમના આકસ્મિક અવસાનથી પરિવાર પર આઘાતની વિજળી તુટી પડી છે અને અડોશ-પડોશમાં પણ ભારે શોકની લાલીમા છવાઈ જવા પામી છે.

લગ્નના સાત વર્ષે જન્મેલી જુડવા દિકરીઓ હજુ માંડ અઢી વર્ષની..!!

સ્વ. રાજન બાબરિયા અને તેમના ધર્મપત્નિ વૈશાલીબેનને લગ્ન જીવનના સાત વર્ષ સુધી શેર માટીની ખોટ હતી. આ પછી તેમણે ટેસ્ટટ્યુબ બેબી માટે આઈવીએફ પદ્ધતિનો સહારો લીધો હતો જેના પરિણામ સ્વરૂપ બે લક્ષ્મી સ્વરૂપા દિકરીઓ જન્મી હતી. જેમના નામ પણ રાજનભાઈએ તેમના અને પત્નિના નામના આધારે 'રીવા' અને 'રાજવી' પાડ્યા હતા. આ બંને દિકરીઓ હજુ તો માંડ અઢી વર્ષની છે અને તેમના માથેથી પિતાનો પડછાયો ઉઠી જવા પામ્યો છે.

અડાલજ પાસેથી દારૂ ભરેલુ ટેન્કર ઝડપાયું

ગાંધીનગર,તા.૧૨

અડાલજ પોલીસે ટેન્કરમાં દારૂની થતી હેરાફેરી ઝડપી પાડી છે. જમીયતપુરા નજીકથી વિદેશી દારુ ભરેલું ટેન્કર ઝડપાયું છે. ટેન્કરમાંથી રૂ.૮ લાખથી વધુ ની કિંમતની વિદેશી દારુની ૨૧૯૬ બોટલ મળી આવી છે. પોલીસે દારુ, મોબાઈલ અને ટેન્કર મળી કુલ રૂ. ૧૮,૧૩,૨૨૦ નો મુદ્દામાલ સાથે ટેન્કર ચાલકની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા.તે સમયે પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે આર.જે.૧૯.જી. એફ.-૭૨૮૨ ટેન્કરમાં વિવિધ બ્રાંડનો વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. જે ટેન્કર હાલ શેરથા ટોલટેક્ષની આસપાસના વિસ્તારમાં ઉભુ છે. જેને પગલે પોલીસે નજીકના વિસ્તારમાં તપાસ હાથ ધરતા જમીયતપુરા પાસેથી ટેન્કર અને ચાલક બંન્ને મળી આવ્યા હતા. પોલીસે ચાલકને ટેન્કરમાં શું છે તેમ પુછતા તેણે કશુ જ ન હોવાનું જણાવ્યું હતું. પરંતુ પોલીસે ટેન્કરમાં તપાસ કરતા અંદરથી અધધ દારુ મળી આવ્યો હતો. ટેન્કરમાંથી મેકડોવેલ્સ વ્હીસ્કીની ૨૦૬૪ બોટલ અને બ્લેન્ડર્સ વ્હીસ્કીની ૧૩૨ બોટલ મળી કુલ-૨૧૯૬ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૮,૦૮,૨૦૦ ની ૨૧૯૬ બોટલ, મોબાઈલ, ટેન્કર, અને રોકડ રૂપીયા મળી કુલ રૂ. ૧૮,૧૩,૨૨૦ નો મુદ્દામાલ પકડી આરોપી ટ્રક ચાલક માંગીલાલ હરચંદરામજી બિશ્નોઈ (રહે. ખારા, તા, સાંચોર, જિલ્લો. ઝાલોર રાજસ્થાન)ને પકડી તેની સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કન્ટેનરમાં દારૂ હરીયાણાથી ભરવામાં આવ્યો હતો.જયારે રીંગરોડ પર કોઈ વ્યકિત કન્ટેનર ચાલકને મળવાનો હતો.

કલાકાર અધિકાર આંદોલન સમિતિ નેજા હેઠળ છાવણી ખાતે કલાકારો એકઠા થયા

કલાકાર અધિકાર આંદોલન સમિતિ દ્વારા કલાકારોના પડી ભાગેલા વેપાર-રોજગાર શરુ થાય તે માટે કલાકારો, સાંજીદાઓ, સંગીત, સાઉન્ડ અને ડી.જે. બેન્ડના કલાકારનું ગુજરાન શરુ થાય તે માટે તંત્ર દ્વારા મંજુરી મળે અને અન્ય મુદ્દાઓને પગલે ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે કલાકારોના પ્રતિક ધરણા યોજાયા હતા. જેમાં રાજયભરમાંથી કલાકારો છાવણી ખાતે હાજર રહ્યા હતા

પેટાચૂંટણી માટે કોંગ્રેસે પાંચ ઉમેદવારના નામ જાહેર કર્યા

અબડાસાથી સાંઘાણી, મોરબીમાં જયંતિ પટેલ, ધારીમાં કોટડિયા, ગઢડાથી સોલંકી, કરજણમાંથી જાડેજાને ટિકિટ

ગાંધીનગર,તા.૧૨

ભારતીય જનતા પાર્ટી પછી હવે કોંગ્રેસે પણ આગામી વિધાનસભાની પેટા ચૂંટણીની ૮માંથી ૫ બેઠકના ઉમેદવાર જાહેર કર્યા છે. કોંગ્રેસે અબડાસાથી શાતિલાલ સાંઘાણી, મોરબીમાં જયંતિભાઈ પટેલ, ધારીમાં સુરેશ કોટડિયા, ગઢડાથી મોહનભાઈ સોલંકી અને કરજણમાં કિરીટસિંહ જાડેજાને ટિકિટ આપી છે. કોંગ્રેસે હજુ કપરાડા, ડાંગ અને લિંબડી બેઠક પરથી ઉમેદવારના નામની જાહેર કરી નથી. આ પહેલા ભાજપે મોરબી, ધારી, અબડાસા, ડાંગ, કરજણ, ગઢડા, કપરાડા બેઠકના ઉમેદવાર જાહેર કર્યા હતા. આ ચૂંટણીમાં ભાજપે લિંબડી સિવાયની તમામ બેઠકોના ઉમેદવાર જાહેર કરી દીધા છે. આ બેઠકોમાં એક ગઢડા-ડાંગ બેઠક પર પૂર્વ મંત્રી અને ભાજપના ઉમેદવારને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે અન્ય બેઠકો પર કોંગ્રેસમાંથી આવેલા ઉમેદાવારોને ટિકિટ આપી છે. ભાજપે મોરબીથી બ્રિજેશ મેરજા, અબડાસામાં પ્રદ્યુમનસિંહ જાડેજા, કપરાડામાં જીતુ ચૌધરી, કરજણમાં અક્ષય પટેલ, ધારીમાં જેવી કાકડિયા, ગઢડાથી આત્મારામ પરમારને ટિકિટ આપી છે. કોંગ્રેસના કુલ ૮ ધારાસભ્યોએ રાજ્યસભાની ચૂંટણી પહેલા રાજીનામા આપ્યા હતા જેના પગલે આ બેઠકો ખાલી પડી છે. કપરાડામાંથી જીતુ ચૌધરી, ડાંગમાંથી મંગળ ગાવિત, લીંબડીમાંથી સોમા પટેલ, ગઢડામાંથી પ્રવિણ મારૂ, ધારીમાંથી જેવી કાકડીયા, મોરબીમાંથી બ્રિજેશ મેરજા, કપરાડામાંથી અક્ષય પટેલ અને અબડાસામાંથી પ્રદ્યુમનસિંહ જાડેજાએ રાજીનામાં આપ્યાં હતાં.

૧૬મીથી ગીર અભ્યારણ શરૂ કરી દેવામાં આવશે

અમદાવાદ, તા. ૧૨

રાજ્યમાં કોરોના મહામારીના કારણે અનેક બાગ બગીચા અને અભયારણ્ય બંધ કરવામાં આવ્યા હતા. પરંતુ હાલ એક અગત્યના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યમાં તમામ અભ્યારણ ૧૫મી ઓક્ટોબરથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય લેવાતા ગીર અભ્યારણ ૧૬ ઓક્ટોબરથી શરૂ કરવામાં આવશે. વનવિભાગના સુત્રોના જણાવ્યા પ્રમાણે કોરોનાની પરિસ્થિતિ ધીમે ધીમે થાળે પડતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગીર અભ્યારણ જોવા આવતા પ્રવાસીઓ સોશિયલ ડ્રીજંટ્ટહ્ષ્ઠી, માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવો પડશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ગાઈડ લાઈનનો પણ ચુસ્ત પાલન કરવાની શરતે આ તમામ અભ્યારણ ખોલવામાં આવશે.

સાસુના હાથે વહુએ લખેલા પ્રથમ પુસ્તકનું વિમોચન કરાયું

ટૂંકી વાર્તાઓ માટે જાણીતા નિયતિ કાપડિયાએ લખેલી પ્રથમ નવલકથા 'નિયતિ'નું તેમના જન્મદિવસે જ વિમોચન

ગાંધીનગર, તા.૧૨

લાગણીસભર સંબંધોના વિવિધ આયામોના વૈવિધ્યને ઉજાગર કરતી ટૂંકી વાર્તાઓ માટે જાણીતા લેખિકા નિયતિ કાપડિયાએ આજે તેમના જન્મદિવસે તેમની પ્રથમ નવલકથા 'નિયતિ'નું લોકાર્પણ કર્યું છે. નિયતિ કાપડિયાના આ પ્રથમ પુસ્તકનું લોકાર્પણ તેમના સાસુ દમયંતીબેનના હસ્તે કરવામાં આવ્યું હતું.

આપણે મોટે ભાગે એવી છાપ ધરાવીએ છીએ કે સાસુ-વહુનો સંબંધ ઉંતર-બિલાડી જેવો હોય છે. પરંતુ આજે આ ધારણા ગાંધીનગરની સંબંધોના સંવેદનાત્મક પાસાંઓને સ્પર્શતી વાર્તાઓ લખતી લેખિકા નિયતિ કાપડિયાએ ખોટી પાડી છે. નિયતિ કાપડિયાએ તેમની સૌ પ્રથમ નવલકથા લખી છે જેનું નામ 'નિયતિ' છે અને તેનું તેમના પ્રથમ પુસ્તક સ્વરુપે આજે તેમના જન્મદિવસે જ વિમોચન કરવામાં આવ્યું છે. જે તેમણે પોતાના સાસુ દમયંતીબેનના હસ્તે કરાવ્યું હતું. નિયતિ કાપડિયા ગાંધીનગરના જાણીતા ચામડીના રોગોના નિષ્ણાંત તબીબ ડૉ. સૌરભ કાપડિયાના ધર્મપત્નિ છે અને તેઓ તેમની ટૂંકી વાર્તાઓ થકી ખૂબ જાણીતા છે. તેઓ ગાંધીનગર સમાચારમાં પણ 'લવ યુ જીંદગી' કટાર થકી તેમની વાર્તાઓનો આસ્વાદ વાચકોને કરાવે છે. નિયતિ કાપડિયાના માતા-પિતા આજે હયાત નથી પરંતુ તેમને માતાની ખોટ સાલવા ના દેનાર સાસુ અને તેમના બાળકોને સૌથી વધુ ચાહતા દાદીના હસ્તે પોતાના પ્રથમ પુસ્તકનું વિમોચન કરાવી એક અનોખી મિસાલ કાયમ કરી છે.

સંક્ષિપ્ત સમાચારો

- ૮ જેટલા ચીફ ઓફિસરોની બદલીના હુકમો કરાયા
- ગાંધીનગર જિલ્લામાં દિવેલાના પાકમાં લશ્કરી ઈયળોનો ઉપદ્રવ થયેલો જણાયો
- રાજ્યના શિક્ષણ વિભાગે તેના હસ્તકની યુનિવર્સિટીઓ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કર્યું
- કોલવડા ગામની સીમમાં લગાવેલા ઝુંપડાઓ હટાવવામાં નહિ આવે તો ગ્રામજનોએ ચૂંટણીના બહિષ્કારની વાત કહી.

ઘરમાં રહો
સુરક્ષિત રહો